# ગાંધીનગર જૈન સંઘ દ્વારા આયોજિત અભય અમૃત ચાતુર્માસ પ્રવેશ પ્રસંગમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા

ગાંધીનગર સાંવાદદાતા વિજયવીર યાદવ



ગાંધીનગર જૈન સંઘ દ્વારા શંખેશ્વર પાર્શ્વનાથદાદાના જિનાલય સંકુલ, સેક્ટર- ૨૨ ખાતે ગચ્છાધિપતિ વિજય અભયદેવસૂરીશ્વર મહારાજ અને વિજય મોક્ષરત્નસૂરીશ્વર મહારાજ શ્રમણ - શ્રમણી આદિઠાણા- ૬૧નો અભય અમૃત ચાતુર્માસ પ્રવેશ પ્રસંગમાં મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીના હસ્તે શોભાયાત્રાને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવી હતી. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહારાજના આર્શીવાદ મેળવી રાજયના મુખ્ય મંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, ચાતુમાર્સ એટલે ભક્તિ અને ઉલ્લાસનો સમન્વય છે. ચાતુમાર્સ દરમ્યાન પ્રકૃતિ વરસાદથી ભીંજાય છે. આપણે સૌ ગુરૂજનોના આશિર્વચનો થકી જ્ઞાનમાં ભીંજાવાનો અવસર મળે છે. ગુરૂજનોના પ્રવચનો દ્વારા માનસિક નવજીવન મળે છે. મહારાજ સરળ હદયી અને સંપ, એકતા અને સંગઠન થકી ધર્મકાર્યો કરી રહ્યાં છે, તેમ જણાવતા મુખ્યમંત્રીએ ઉમેર્યું હતું કે, સાધન સંપન્ન લોકો પણ સર્વે ભૌતિક સુખોનો ત્યાગ કરીને દિક્ષા ગ્રહણ કરે છે, તે વાત આપણા સૌ માટે પ્રેરણારૂપ છે કે જીવનનું સાચું સુખ તો મહારાજ જેવા વંદનીય સાધુ - સંતો પાસે છે. શોભાયાત્રામાં ગૃહ રાજય મંત્રી હર્ષ સંઘવી સહિત મહાનુભાવો અને સમાજના અગ્રણીઓ અને બંધુઓ જોડાયા હતા. આ પ્રસંગે ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય રીટાબેન પટેલ, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર હિતેષ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ સહિત જૈન સમાજના અગ્રણીઓ અને સમાજના બંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલએ કેન્દ્ર સરકારના ખેડૂત લક્ષી નિર્ણયને આવકારી વડાપ્રધાનનો આભાર વ્યક્ત કર્યો

ગાંધીનગર સાંવાદદાતા વિજયવીર યાદવ



દેશના કર્મઠ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર દેશના ખેડૂતોના હિતમાં સતત કામ કરી રહી છે. ખેડૂતોની આવક અને ઉપજ ડબલ થાયે તે રીતે પ્રયત્નશીલ છે તેને ધ્યાને રાખી આજે ખેડૂતોના હિતમાં ખાસ પેકેજની જાહેરાત કરવામાં આવી છે. કેબિનેટમાં ખેડૂતોના હિતમાં 3,70,128.7 કરોડ રૂપિયા સાથે નવી યોજનાઓની જાહેરાત કરવામાં આવી છે. યુરિયા સબસિડી યોજનામ 3 વર્ષ સુધી લંબાવવામાં આવી છે તેમજ દેશમાં પહેલી વાર સલ્ફર લેપિત યુરિયાની શરૂઆત કરવામાં આવશે. કેન્દ્ર સરકારના ખેડૂત લક્ષી યોજનાને ધ્યાને રાખી પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો આભાર માન્યો છે અને આ યોજનાથી દેશના નાના-મોટા ખેડૂતોને ઘણો લાભ થશે તેવી આશા વ્યકત કરી છે.

## અમદાવાદ જિલ્લા કલેકટર પ્રવીણા ડી.કે.ની અધ્યક્ષતામાં ધંધુકા તાલુકાના પચ્છમ ગામે રાત્રિસભા યોજાઇ

ગાંધીનગર સાંવાદદાતા વિજયવીર યાદવ



અમદાવાદ જિલ્લા કલેક્ટર પ્રવીણા ડી.કે. ની અધ્યક્ષતામાં ધંધુકા તાલુકાના પચ્છમ ગામ ખાતે રાત્રિસભા યોજાઈ હતી, જેમાં કલેક્ટરએ ગ્રામજનો સાથે વિવિધ પ્રશ્નો સંદર્ભે સંવાદ સાધ્યો હતો. પચ્છમ ગામના ગ્રામજનોના વિવિધ પ્રશ્નો જેમ કે, મહેસૂલ, શિક્ષણ, વીજળી, આંગણવાડી જેવા અનેક પ્રશ્નો કલેક્ટરએ સાંભળ્યા હતા અને સંબંધિત અધિકારીઓ સાથે તે મુદ્દે ચર્ચા કરીને સૂચનો અને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ગ્રામજનોની રજૂઆત કલેક્ટરએ ધ્યાનપૂર્વક સાંભળી નિયત સમયમાં પૂર્ણ કરવાની ખાતરી આપી હતી. તથા અમુક પ્રશ્નોનું સ્થળ પર જ નિરાકરણ લાવ્યા હતા. આ ઉપરાંત જિલ્લા કલેક્ટર પ્રવીણા ડી.કે.એ ગામમાં થઈ રહેલા વિકાસનાં કામોની પણ સમીક્ષા કરી હતી. આ રાત્રિસભામાં જિલ્લા કલેક્ટર પ્રવીણા ડી.કે. એ સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓથી લોકોને માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત ગ્રામજનો સાથે સ્થાનિક પ્રશ્નો બાબતે વિગતે ચર્ચા કરી હતી. આ રાત્રિસભામાં પ્રાંત અધિકારી વાય. પી. ઠક્કર, ધંધુકાના ઈન્ચાર્જ મામલતદાર કે. બી. ચાંદલિયા ઉપરાંત મહેસૂલ, શિક્ષણ, આરોગ્ય, વીજ, પોલીસ સહિતના વિવિધ વિભાગોના અધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત સમારોહમાં સાહિત્ય ગૌરવ પુરસ્કારો અર્પણ કરતા મુખ્યમંત્રી

ગાંધીનગર સાંવાદદાતા વિજયવીર યાદવ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વર્ષ ૨૦૨૧-૨૨ના સાહિત્ય ગૌરવ પુરસ્કારોથી નવ જેટલા સાહિત્ય સર્જકોનું સન્માન કરતાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો કે સાહિત્ય, સંસ્કૃતિ, કલા-કારીગરીના આપણા ભવ્ય વારસા અને વિરાસતને વિશ્વખ્યાતિ અપાવવામાં સાહિત્યસર્જકોનું ઉલ્લેખનીય પ્રદાન છે. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યુ કે, વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ દેશના અમૃતકાળમાં આપેલા પાંચ સંકલ્પમાંનો એક સંકલ્પ આપણી વિરાસત પર ગૌરવ કરવાનો છે. આ સંકલ્પ સાહિત્ય, સંસ્કૃતિ, કલાને રાજ્ય પુરસ્કૃત કરીને ગુજરાતમાં આપણે પાર પાડ્યો છે. મુખ્યમંત્રીએ ગુજરાત સાહિત્ય અકાદમીના ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં વર્ષ ૨૦૨૧-૨૨ ના પુરસ્કારો લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકારો અને યુવા સાહિત્યકારોને અર્પણ કર્યા હતા. આ પુરસ્કારો અંતર્ગત હિન્દી, કચ્છી અને ગુજરાતી ભાષામાં સાહિત્ય સર્જન માટેના પુરસ્કારો એનાયત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીએ કહ્યું કે, સાહિત્ય એવી સંજીવની છે જે આપણા જીવનને ઊર્જા-ચેતનાથી ભરી દે છે. આજના બદલાતા સમયમાં યુવા પેઢીના નવતર-નૂતન વિચારોને ઝિલીને એને પ્રતિબિંબિત કરવાનું મહત્વનું કામ ગુજરાત સાહિત્ય અકાદમી કરે છે તે અભિનંદનીય છે એમ તેમણે ઉમેર્યુ હતું. ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્રભાઇએ આપેલી એક ભારત-શ્રેષ્ઠ ભારતની સંકલ્પના સાહિત્યના માધ્યમથી સાકાર કરવાની પ્રેરણા આપી હતી. આ અંગે તેમણે જણાવ્યું કે શ્રેષ્ઠ ગુજરાતી કૃતિઓનો હિન્દી-અંગ્રેજીમાં અને અન્ય ભાષાની સારી કૃતિઓનો ગુજરાતીમાં અનુવાદ કરીને આ સંકલ્પના સાકાર થઇ શકે તેમ છે. તેમણે સાહિત્ય અકાદમી માટે અત્યાધુનિક મેઘાણી અકાદમી ભવન આગામી સમયમાં સૌ સાહિત્યકારોની સેવામાં ખૂલ્લું મુકવાની રાજ્ય સરકારની નેમ આ તકે દર્શાવી હતી. સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રી મૂળુભાઇ બેરા, બળવંત જાની, સાહિત્ય અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જ્હા, મહામાત્ર જયેન્દ્રસિંહ જાદવ તેમજ યુવક સેવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના કમિશનર હર્ષદ પટેલ અને અગ્રગણ્ય સાહિત્યકારો, લેખકો, સાહિત્ય પ્રેમીઓ આ અવસરે ઉપસ્થિત રહ્યા હતા.

## ગતિએ 1000 પીનકોડનો ઉમેરો કરી ડાયરેક્ટ કવરેજમાં વધારો કર્યો

અમદાવાદ | તા.29

ઓલકાર્ગો ગ્રૂપ કંપની અને ભારતની પ્રીમિયર એક્સપ્રેસ લોજીસ્ટિક્સ અને સપ્લાય ચેઇન સોલ્યુશન્સ પ્રોવાઇડર્સ પૈકીના એક ગતિ લિમિટેડે તેના ડાયરેક્ટ ડિલિવરી કવરેજ નેટવર્કમાં 1000 પીનકોડ ઉમેરીને તેના ડાયરેક્ટ કવરેજમાં 25 ટકાનો વધારો કર્યો છે. ગતિના અજોડ ટ્રાન્સપોર્ટેશન, વેરહાઉસિંગ અને સર્વિસ ડિલિવરી ક્ષમતાઓ સાથે બિઝનેસિસ દેશભરમાં કાર્યક્ષમ અને ટકાઉ રૂતે તેમની કામગીરીમાં વધારો કરી શકશે. પીનકોડ સુધી ગતિના ડાયરેક્ટ ડિલિવરી લાભ લેતાં બિઝનેસિસ તેમની સપ્લાયને વધુ ઝડપી, સુરક્ષિત અને ખર્ચ-કાર્યક્ષમતામાં વધારો કરી શકે છે. 5140 પીનકોડ સુધી ડાયરેક્ટ ડિલિવરી સાથે હવે ગ્રાહકો ટ્રાન્ઝિટ સમય, વિશ્વસનીયતાનો લાભ મેળવી શકે છે તેમજ વધુ વિશાળ નેટવર્ક સાથે તેમના બિઝનેસને વધારી શકે છે. આ અંગે પ્રતિક્રિયા આપતાં ગતિ લિમિટેડના મેનેજિંગ ડાયરેક્ટર અને ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર પિરોજશો સરકારીએ કહ્યું હતું કે, 1000થી વધુ ડાયરેક્ટ ડિલિવરી પીનકોડ સાથે અમે દેશભરમાં અમારા ડાયરેક્ટ ડિલિવરી નેટવર્કની પહોંચમાં વધારો કર્યો છે. ગ્રાહકોને ઝડપી અને ડાયરેક્ટ એક્સેસ પ્રદાન કરવાના ગતિના પ્રયાસો જળવાઇ રહેશે. મજબૂત નેટવર્કના નિર્માણ સાથે અમે વિશાળ એન્ટરપ્રાઇઝિસને કાર્યક્ષમતા ડિલિવર કરવાની સાથે-સાથે નાના અને મધ્યમકદના બિઝનેસિસને મજબૂત પણ કરી રહ્યાં છીએ, જેથી આર્થિક વૃદ્ધિને વેગ આપી શકાય.

### નવમી નેશનલ કોન્ક્લેવમાં ત્રણ-ત્રણ એવોર્ડ જીતી મેદાન માર્યુ

# SVPI એરપોર્ટને સર્વશ્રેષ્ઠ પ્રદર્શન બદલ QCFI નેશનલ કોન્ક્લેવમાં એવોર્ડ એનાયત

ગાંધીનગર સાંવાદદાતા વિજયવીર યાદવ



અમદાવાદ સ્થિત સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટે ફરી એકવાર ઉત્કૃષ્ટ કાર્યક્ષમતા પુરવાર કરવામાં મેદાન માર્યું છે. SVPIAને ક્વોલિટી સર્કલ ફોરમ ઓફ ઈન્ડિયા (QCFI) ની નવમી નેશનલ કોન્ક્લેવમાં ત્રણ એવોર્ડ જીતીને શ્રેષ્ઠ કાર્યક્ષમ એરપોર્ટનો ખિતાબ હાંસલ કર્યો છે. SVPI એરપોર્ટને '5S' અંતર્ગત પાર એક્સેલન્સ કેટેગરીમાં એવોર્ડ એનાયત થયો છે. આ સાથે જ એરપોર્ટે શ્રેષ્ઠતા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા ફરી એકવાર સાબિત કરી છે. QCFI ની નેશનલ કોન્ક્લેવમાં દેશભરની વિવિધ સંસ્થાઓ તરફથી 5S પ્રેક્ટિસ માટે કુલ 145 કેસ સ્ટડીઝ રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં અમદાવાદ એરપોર્ટે અમલમાં મૂકેલી વર્કપ્લેસ મેનેજમેન્ટ સિસ્ટમને ત્રણ કેટેગરીમાં વિજેતા જાહેર કરવામાં આવ્યું છે. વર્કપ્લેસ મેનેજમેન્ટ માટે 5Sને ઉત્તમ, સફળ અને શ્રેષ્ઠ જાપાની મેનેજમેન્ટ તકનીક માનવામાં આવે છે. SVPI એરપોર્ટ દ્વારા 5S અમલી કરાતા કર્મચારીઓ કાર્યસ્થળે કાર્યક્ષમ, અસરકારક અને સુરક્ષિતપણે ફરજ નિભાવે છે. જેનાથી સમય અને સંસાધનોનો સુનિયોજીત અને મહત્તમ ઉપયોગ થાય છે. વળી તેનાથી કાર્યસ્થળ પર થતો બિનજરૂરી વેડફાટ અટકે છે. 5S ટર્મ પાંચ જાપાનીઝ શબ્દો પરથી ફતરી આવી છે. જેમાં Seiri (પુનઃસંગઠન), Seiton (સુઘડતા), Seiso (સ્વચ્છતા), Seiketsu (સ્ટાન્ડર્ડાઈઝેશન) અને Shitsuke (શિસ્ત)નો સમાવેશ થાય છે. SVPIA દ્વારા રજૂ કરાયેલા ત્રણ કેસ સ્ટડીઝ એન્જિનિયરિંગ અને મેન્ટેનન્સ વિભાગના હતા. એરપોર્ટ પર જ્યાં 5s વર્કપ્લેસ મેનેજમેન્ટ સિસ્ટમ લાગુ કરવામાં આવી છે તેમાં STP (સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ), ટર્મિનલ 2 - પંપ હાઉસ, અને T1 - સ્વિચ રૂમ જેવા સ્થળોનો સમાવેશ થાય છે. 5s ના અમલીકરણથી અસુરક્ષિત ઘટનાઓમાં ઘટાડો, મેઈન્ટેઈન્ડ સાધનોની ઉપલબ્ધતા, વિશ્વસનીયતામાં વધારો, ગ્રાહકોને ઉત્કૃષ્ટ અનુભવ, તેમજ પુનઃપ્રાપ્તિ માટે લાગતા સમય અને જગ્યામાં ઘટાડો થયો છે.

## સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ





અમદાવાદ | તા.29

આશીર્વાદ ફાઉન્ડેશન દ્વારા ૨૮ જુન, ૨૦૨૩ના રોજ શારદાનગર સંસ્કૃતિ હોલ, પાલડી, અમદાવાદ ખાતે વુમન વેલનેસ ક્લિનિક પ્રોગ્રામ (WWC) હેઠળ આશીર્વાદ ફાઉન્ડેશનના સંસ્થાપક સીએ શ્રી આર. એસ. પટેલ સાહેબ, બહેનોમાં રોલ મૉડેલ એવા આશીર્વાદ મેડિકલ સેન્ટરના ડિરેક્ટર શ્રીમતિ હિનાબેન જરીવાલા તથા શ્રી રેણુકાબેન બધેકાના સહયોગથી લાભાર્થીઓ માટે પ્રોજેક્ટ ઈન્ચાર્જ શ્રીમતિ કિન્નરીબેન ભટ્ટ દ્વારા સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું સફળતાપૂર્વકનું આયોજન કરવામાં આવ્યું. સ્તનના સ્વ-પરીક્ષણ દ્વારા ૫ મહત્વના પગલાં દ્વારા કોઈ નાની ગાંઠ, લાલ ચકામા, કે ખીલ, ફોલ્લી અથવા નિપલમાં થી પ્રવાહી જરતું હોય તો આ ચિન્હો દેખાય તો ડૉક્ટરી તપાસ કે મેમોગ્રાફી અને સોનોગ્રાફી દ્વારા વહેલા તબક્કે થતું સ્તન કેન્સરનું નિદાન થઈ શકે છે. કેન્સરની આ બિમારી કોઈ પણ જાતના દર્દ વિના થતી હોવાથી દરવર્ષે તેનું નિદાન કરાવવાથી વહેલા તબક્કે રોગનું નિદાન થાય તો તેનો ઈલાજ થઈ શકે છે. ચોથા તબક્કે પહોચેલ બિમારી ખૂબ ખર્ચાળ અને દર્દીઓને બચાવવા અનિશ્ચિત બને છે. લાભાર્થીઓનું વિનામૂલ્યે બ્રેસ્ટ કેન્સર ચેક-અપ કરવામાં આવશે જે અન્વયે બહેનોને મેમોગ્રાફી-સોનોગ્રાફી ચેક-અપ માટે આશીર્વાદ ફાઉન્ડેશનમાં બોલાવવામાં આવશે. સદરહુ માહિતીથી મોટા ભાગની બહેનો અજાણ હોવાથી તેમને આ માહિતી રસપ્રદ લાગી હતી તથા આ સમસ્યાઓ સમજવા માટે આ લાભ તેમને અગાઉ ક્યારેય મળ્યો ના હોવાથી સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમ અંગે સૌએ પ્રશંસા કરી હતી તથા તેઓએ આ માહિતી બીજી પાંચ થી દસ બહેનોને પહોચાડવાની ખાતરી આપી હતી. આ માહિતી અન્યને પહોંચાડવાથી કોઈ દર્દીનું પોઝીટીવ નિદાન થાય તો આંગળી ચિંધ્યાના પૂણ્યના તમે અધિકારી બની શકો છો. દરેક બહેનોને પ્રોત્સાહિત કરવા માટે વિનામૂલ્યે બ્રેસ્ટ કેન્સર અવેરનેસ બુકલેટનું વિતરણ કરવામાં આવ્યું.

## ભારતીયો એમેઝોન પરથી ખરીદી કરવાનું પસંદ કરે છે: CMR સર્વે

અમદાવાદ | તા.29

ભારતની અગ્રણી ટેક્નોલોજી માર્કેટ રિસર્ચ અને એડવાઇઝરી સંસ્થા સાઇબરમીડિયા રિસર્ચ (CMR) દ્વારા કરવામાં આવેલા નવા ગ્રાહક અભ્યાસ મુજબ, ટિઅર II શહેરો અને તેનાથી આગળ વિસ્તારોમાં રહેતા ભારતીયો દર અઠવાડિયે સરેરાશ 2 કલાક અને 25 મિનિટનો સમય ઑનલાઇન ખરીદી માટે ખર્ચે છે અને તેમની આવકના આશરે 16%નો ખર્ચ કરે છે.

ઑનલાઇન શોપિંગ માટે ટોચની ત્રણ કારણભૂત બાબતોમાં આકર્ષક કિંમતો (57%), અનુકૂળ વળતર અને એક્સચેન્જની પ્રક્રિયાઓ (57%) તેમજ અત્યંત આકર્ષક ઑફર્સ (49%)નો સમાવેશ થાય છે.

# અમદાવાદના નાગરિકોએ એક મહિનામાં આરોગી 2.94 લાખ કિલો ગુણવત્તાયુક્ત કેસર કેરી

ગાંધીનગર સાંવાદદાતા વિજયવીર યાદવ



દેશના ખેડૂતોની આવક બમણી કરવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ શરુ કરેલી ઝુંબેશમાં સહભાગી થઈ ગુજરાત સરકાર પણ રાજ્યના ખેડૂતોની આવકમાં વધારો કરવા સતત પ્રયત્નો કરી રહી છે. ખેડૂતોનો ખેતી ખર્ચ ઘટે, આવક વધે અને સાથે નાગરિકોને રસાયણમુક્ત ખેત પેદાશો મળી રહે તે માટે રાજ્ય સરકાર પ્રાકૃતિક કૃષિ ઉપર વધુ ભાર આપી રહી છે.

સાથે જ રસાયણમુક્ત અને પ્રાકૃતિક ખેત પેદાશોને પ્રોત્સાહિત કરવા સમયાંતરે વિશેષ આયોજનો પણ હાથ ધરવામાં આવતા હોય છે. શહેરી નાગરિકોને કાર્બાઈડ ફ્રી કેરી અને ખેડૂતોને તેમની કેરીના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકાર વર્ષ ૨૦૦૭થી દર વર્ષે ઉનાળાની સીઝનમાં 'કેસર કેરી મહોત્સવ'નું આયોજન કરે છે. આ વર્ષે પણ અમદાવાદ હાટ ખાતે કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે તા. ૧૮મી મે,૨૦૨૩ના રોજ આ 'કેસર કેરી મહોત્સવ-૨૦૨૩'નો શુભારંભ કરાવ્યો હતો.

આ વર્ષે અમદાવાદીઓએ કાર્બાઈડ ફ્રી અને ઓર્ગેનિક કેસર કેરી ખાવામાં કોઈ કસર છોડી નથી એમ કહી શકાય. ગત વર્ષે યોજાયેલા કેરી મહોત્સવમાં ખેડૂતો દ્વારા ૯૨ હજાર કિલોગ્રામ જેટલી કેરીનું વેચાણ થયું હતું, જેની સામે આ વર્ષે એક મહિનાના સમયગાળામાં ખેડૂતો દ્વારા ૨.૯૪ લાખ કિલોગ્રામથી પણ વધુ કેસર કેરીનું વેચાણ કરવામાં આવ્યુ છે. એ વાતથી તો લગભગ કોઈ અજાણ નથી કે, ગુજરાતની કેસર કેરીએ આજે સમગ્ર વિશ્વમાં નામના મેળવી છે. વિદેશમાં પણ કેસર કેરીની માંગ વધતા ગીર-સોમનાથ, જૂનાગઢ, અમરેલી, ભાવનગર, કચ્છ તેમજ દક્ષિણ ગુજરાતમાં કેસર કેરીનું વાવેતર અને ઉત્પાદન બંનેમાં વધારો થઈ રહ્યો છે. કેસર કેરી પકવતા ખેડૂતો તેમની કાર્બાઈડ ફ્રી કેરીઓ સીધી શહેરી ગ્રાહકોને વેચી શકે તે માટે રાજ્ય સરકાર 'કેસર કેરી મહોત્સવ' જેવું એક માધ્યમ પૂરું પાડી ખેડૂતોને સહાયરૂપ થઇ રહી છે.

# વડાપ્રધાન મોદી 1 જુલાઇએ દેશના 17 રાજ્યોમાં "રાષ્ટ્રીય સીક્લસેલ એનિમિયા નાબૂદી મિશન-2047"નો પ્રારંભ કરાવશે

ગાંધીનગર સાંવાદદાતા વિજયવીર યાદવ

રાષ્ટ્રવ્યાપી સીકલસેલ એનિમિયા નાબૂદી મિશનમાં વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સમગ્ર દેશને વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધશે. રાજ્યના આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલ બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાના મોટાસડા ગામના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.અંબાજી થી ઉમરગામના આદિવાસી ક્ષેત્રના મુખ્ય ૧૪ જિલ્લાઓના વિવિધ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર ખાતે આ કાર્યક્રમ યોજાશે. જેમાં રાજ્ય સરકારના વિવિધ મંત્રી સ્થાનિક સાંસદ, ધારાસભ્ય, પદાધિકારીઓ , અધિકારીઓ ઓનલાઈન માધ્યમથી આ કાર્યક્રમ નિહાળશે. દેશ આઝાદીના સુવર્ણકાળમા પ્રવેશે એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં સમગ્ર દેશમાંથી સીકલસેલ એનિમિયા નાબૂદીનો લક્ષ્યાંક છે. આ મિશન અંતર્ગત દેશના ૦ થી ૪૦ ની વયના અંદાજીત ૭ કરોડ જેટલા લોકોનું આ અભિયાન અંતર્ગત સ્ક્રીનીંગ કરવામાં આવશે.

જેમાં આ સીકલસેલ એનિમિયા ડિટેક્ટ થતા તેઓની સારવાર પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ગુજરાતમાં પણ ૧૪ જિલ્લાઓમાં સીકલસેલ એનિમિયા નાબૂદી અભિયાનનો પ્રારંભ થશે. રાજ્યના આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લાઓમાં ખાસ કરીને આ મિશન અંતર્ગત વિશેષ ઝુંબેશ ચલાવવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, સીકલસેલ એનિમિયા એ વારસાગત હિમોગ્લોબીનની ખામીને કારણે થતું જોવા મળે છે. ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૦૬ માં સીકલસેલ એનિમિયા નાબૂદી મિશનનો ગુજરાતમાં પ્રારંભ કર્યો હતો. જેના અંતર્ગત રાજ્યમાં ખુબ જ સરાહનીય કામગીરી કરવામાં આવી હતી. રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લાઓમાં આદિજાતી વસ્તીમાં સીકલસેલ એનિમિયાના નિદાન માટે નિયમિત પણે સ્ક્રીનીંગ કરવામાં આવે છે. અત્યારસુધીમાં આશરે ૯૭ લાખ આદિજાતી વસ્તીનું સ્ક્રીનીંગ કરવામાં આવ્યું છે. જેમાંથી ૭.૧૧ લાખ થી વધુ સીકલસેલ ટ્રેઇટ અને ૩૧ હજાર જેટલા સિકલસેલ ડીસીઝ શોધી કાઢીને તેમની સારવાર શરૂ કરવામાં આવી છે. અત્રે મહત્વની બાબત એ પણ છે કે, વર્ષ ૨૦૦૬થી ગુજરાતમાં કાર્યરત સીકલસેલ એનિમિયા નાબૂદી મિશન હેઠળની ઉત્કૃષ્ઠ કામગીરી બદલ વર્ષ ૨૦૧૧ માં ગુજરાતને પ્રધાનમંત્રી એક્સલએન્સ એવોર્ડ પણ એનાયત કરવામાં આવ્યો છે.

## છેલ્લા 5 વર્ષમાં ગુજરાત સરકારે 'મૂડી-વ્યાજ સહાય સબસીડી સ્કીમ' હેઠળ ઉધોગ સાહસિકોને રૂ. 6300 કરોડથી વધુ રકમની સહાય ચૂકવી

ગાંધીનગર સાંવાદદાતા વિજયવીર યાદવ

મલ્ટીનેશનલ કંપની માઈક્રોન ટેકનોલોજીએ ગુજરાતમાં રોકાણ માટે સમજૂતિ કરાર કર્યા છે. આ કંપની સેમિકંડક્ટર ચીપના નિર્માણક્ષેત્રે અમેરિકાની અગ્રગણ્ય કંપની છે. મતલબ કે, ગુજરાત રોકાણકારો અને ઉદ્યાગકારો માટે પસંદગીનું પ્રથમ સ્થળ છે. આ શક્ય બન્યું છે ગુજરાત સરકારની બિઝનેસ ફ્રેન્ડલી નીતિઓના કારણે. ગુજરાતમાં સુક્ષ્મ, લઘુ અને મધ્યમ ઉદ્યોગ ક્ષેત્રમાં (MSME) છેલ્લા પાંચ વર્ષમાં આપવામાં આવેલી સહાય તેનો પુરાવો છે. આ ક્ષેત્રમાં ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવા માટે ગુજરાત સરકાર દ્વારા અપાતી આસિસ્ટન્ટ ફોર કેપિટલ એન્ડ ઈન્ટરેસ્ટ (મૂડી અને વ્યાજ સહાય)સબસીડીમાં છેલ્લા પાંચ વર્ષમાં રૂ.૬૩૧૦ કરોડથી વધુ રકમની ચૂકવણી કરવામાં આવી છે.

**IndoStar Home Finance Private Limited** INDOSTAR

**Regd. Office: -** Unit No. 305, 3rd Floor, Wing 2/E, Corporate Avenue, Andheri- Ghatkopar Link Road, Chakala, Andheri (East), Mumbai – 400093

**CIN :** U65990MH2016PTC271587 **Tel:** +91 22 45107701

**Email:** contact@indostarhfc.com; **Website:** www.indostarhfc.com

**નોટિસ**

માસ્ટર ડિરેક્શન-નોનબેંકિંગ ફાઇનાન્શિયલ કંપની-હાઉસિંગ ફાઇનાન્સ કંપની (રિઝર્વ બેન્ક) નિર્દેશ 2021 ના ફકરા 93ની શરતોમાં આથી સૂચના આપવામાં આવી છે કે, કંપનીની શાખા ઓફિસ 1લા માળે, પ્રણવ કોમ્પ્લેક્સ, વોડાફોન સ્ટોરની ઉપર, એક્સિસ બેંક સામે, મિલન ટોકિઝ રોડ, સુરેન્દ્રનગર- 360002 સ્થિત છે, તે 30-09-2023 ના કામકાજના સમયની સમાપ્તિની અસરથી બંધ રહેશે કારણ કે વ્યવસ્થાપન ને સિટી સેન્ટર, દુકાન નં 213, 2 જો માળ, એએમપી શાહા કોલેજ સામે, સુરેન્દ્રનગર, ગુજરાત-363002, GSTNo:-24AAECI0095E1ZX પર સ્થિત નજીકની શાખા કચેરીમાં ખસેડવામાં આવી રહી છે. જો કોઈ સહાયની જરૂર હોય, તો તમે ઉપર જણાવ્યા મુજબ નજીકની શાખા કચેરીનો સંપર્ક કરી શકે છે અથવા contact@indostarhfc.com પર ઈમેઈલ મોકલી શકે છે.

આ નોટિસ કંપનીની વેબસાઇટ (www.indostarhfc.com) પર એક્સેસ કરી શકાય છે.

Sd/-
નિધી સદાની
કંપની સેક્રેટરી
ઈન્ડોસ્ટાર હોમ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ વતી

તારીખ :- 29-06-2023

**પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન**

**ઈલેક્ટ્રીક લોકો કેબ એર કંડિશનર્સ માટે કોમ્પ્રિહેન્સિવ વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રેક્ટ**

**(1) ટેન્ડર નં.: M-DL-VTA-21-22-AMC-Cab AC; (2) કામનું નામ :** લોકો શેડ વટવા ખાતે 03 વર્ષના સમયગાળા માટે સ્પેર્સના રિપ્લેસમેન્ટ સહિત ઈલેક્ટ્રીક લોકો કેબ એર કંડિશનર્સ માટે કોમ્પ્રિહેન્સિવ વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રેક્ટ; **(3) કામનો અંદાજિત ખર્ચ :** ₹ 1,69,15,402.69/-; **(4) ટેન્ડર ડોક્યુમેન્ટની કિંમત:** NIL; **(5) અર્નેસ્ટમની ડિપોઝીટ:** ₹ 2,34,600/-; **(6) પૂર્ણ કરવાનો સમયગાળો:** 36 મહિના; **(7) ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ:** 31/07/2023 ના 14:00 કલાક; **(8) વેબસાઈટની વિગત:** www.ireps.gov.in; **(9) ટેન્ડર આમંત્રિત સત્તાધિકારી અને તેનુ પુરૂ સરનામું:** સિનિયર ડિવિઝનલ મિકેનિકલ એન્જિનીયર (ડિઝલ) વટવા, સિનિ. ડીએમઈ/ડીએલ/વીટીએ ની ઓફિસ, લોકો શેડ, વટવા, પશ્ચિમ રેલવે, અમદાવાદ, ગુજરાત - 382445 75

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# પીએન્ડજી દ્વારા ભારતના નિકાસ કેન્દ્ર સ્થાપવા માટે ગુજરાતમાં રૂ.2000 કરોડના રોકાણની ઘોષણા

અમદાવાદ | તા.29



પ્રોક્ટર એન્ડ ગેમ્બલ ઈન્ડિયા દ્વારા ગુજરાતમાં નવું અત્યાધુનિક પર્સનલ હેલ્થકેર ઉત્પાદન એકમ સ્થાપવા માટે રૂ. 2000 કરોડનું રોકાણ કરવાની ઘોષણા કરવામાં આવી હતી. આ રોકાણ ગુજરાતના સન્માનનીય મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મિટિંગમાં પીએન્ડજી ઈન્ડિયાના સીઈઓ એલવી વૈદ્યનાથન દ્વારા કરવામાં આવી હતી. આ એકમ દેશમાં 8 પ્લાન્ટની પીએન્ડજી ઈન્ડિયાની મોજૂદ ઉત્પાદન પહોંચની ટોચ પર નિર્માણ કરાશે અને ગુજરાતમાં મોજૂદ હાજરીને વિસ્તારશે. પીએન્ડજીએ અમદાવાદના સાણંદમાં 2015થી અત્યાધુનિક ઉત્પાદન એકમ શરૂ કરી દીધું છ. નવું અત્યાધુનિક ઉત્પાદન એકમ ખાસ કરીને ડાઈજેસ્ટિઝ સહિત પીએન્ડજીની વૈશ્વિક હેલ્થકેર પ્રોડક્ટના પોર્ટફોલિયોનો હિસ્સો પ્રોડક્ટોનું ઉત્પાદન કરશે. આ એકમ આગામી થોડાં વર્ષોમાં કાર્યરત થશે અને વૈશ્વિક સ્તરે પીએન્ડજી માટે નિકાસ કેન્દ્ર બનવા માટે સુસજ્જ છે, કારણ કે તે પીએન્ડજી ઈન્ડિયાને દુનિયાભરના ગ્રાહકોને સેવા આપવામાં મદદ કરશે. આ રોકાણ સાથે પીએન્ડજી ઈન્ડિયા સેંકડો પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ નોકરીઓ નિર્માણ કરવામાં મદદ કરીને સ્થાનિક અર્થવ્યવસ્થાને નોંધપાત્ર રીતે ગતિ આપશે. આ રોકાણ પીએન્ડજીની ભારતના વૃદ્ધિના પ્રવાસમાં ભાગીદારી પર એકધારી એકાગ્રતા અને તેના ગ્રાહકો, ઉપભોક્તાઓ અને સમુદાયની જરૂરતોને ઉત્તમ રીતે પહોંચી વળવા માટે તેની સપ્લાય ચેઈનની સતત ઉત્ક્રાંતિ અને પરિવર્તન કરવા માટે તેની કટિબદ્ધતા દર્શાવે છે.

## અવાડા ગ્રુપે ઐતિહાસિક રૂ. 10,700 કરોડ (1.3 અબજ ડોલર)નો ફંડિંગ રાઉન્ડ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો, ગ્રીન એનર્જી માટે તેની પ્રતિબદ્ધતાને મજબૂત બનાવી

અમદાવાદ | તા.29

અગ્રણી સંકલિત ઊર્જા પ્લેટફોર્મ અવાડા ગ્રુપે એશિયા અને ભારતના પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્ર માટે ગ્રીન એનર્જી ઉદ્યોગ માટે ઐતિહાસિક ક્ષણ તરીકે, રૂ. 10,700 કરોડ (1.3 અબજ ડોલર) ફંડિંગ રાઉન્ડને સફળ રીતે પૂરો કરવાની જાહેરાત કરી છે. આ ફંડિંગ રાઉન્ડ એશિયામાં કોઈપણ ગ્રીન એનર્જી કંપની દ્વારા અત્યાર સુધીનો સૌથી મોટો ઈક્વિટી રાઉન્ડ છે. આ ભંડોળનો ઉપયોગ અવાડાના ગ્રીન હાઇડ્રોજન, ગ્રીન મિથેનોલ, ગ્રીન એમોનિયા, સોલર મેન્યુફેક્ચરિંગ અને રિન્યુએબલ પાવર જનરેશન સાહસોને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવશે, જે ટકાઉ ભવિષ્ય માટે ભારતની પ્રતિબદ્ધતાનો ભાગ છે. આ સિદ્ધિ ગ્રીન એનર્જીમાં રોકાણ અને ટકાઉ ઊર્જા ઉકેલો તરફ વૈશ્વિક સંક્રમણને પ્રોત્સાહિત કરતી સરકારી નીતિઓની અસરકારકતાને રેખાંકિત કરે છે. પોતાની સૌર ઉત્પાદન ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરવા માટે અવાડા ગ્રુપે અગાઉ પીએલઆઈ સ્કીમ હેઠળ વેફર-ટુ-મોડ્યુલ ક્ષમતાના 3GW એકમ માટે રૂ. 961 કરોડ (116.78 મિલિયન ડોલર)નું પ્રોડક્શન-લિંક્ડ ઈન્સેન્ટિવ જીત્યું હતું. સફળ ફંડિંગ રાઉન્ડ સાથે જોડાયેલી આ જીત, રિન્યુએબલ એનર્જી સેક્ટરમાં અવાડાની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે અને ટકાઉ ભવિષ્ય માટે ગ્રીન એનર્જીને ઉપયોગમાં લેવાની તેની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરે છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654